અપગ્રેડેશન ઓફ મેરીટ ઓફ એસ.સી.સ્ટુડન્ટસ – અંગેની કેન્દ્ર પુરસ્કૃત યોજના ના અમલ બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.
ઠરાવ ક્રમાંકઃ– પીએમએસ–૧૦૨૦૦૩– ન.બા.૧–ગ,
સચિવાલય ગાંધીનગર.
તારીખ :– 12 DEC 2003

વંચાણે લીધા :(૧) નિયામકશ્રી,અનુ.જાતિ કલ્યાણ ખાતું,ગાંધીનગર ના તા.૨૬/૩/૦૩ ના પત્ર ક્રમાંકઃ–અજાક/ ગ–૧/ ૩૦૦૯

ઠરાવ :–

ધોરણ – ૯ થી ૧૨ માં અભ્યાસ કરતા અનુ.જાતિ / જનજાતિના વિદ્યાર્થીઓ તેમની શૈક્ષણિક ઉણપોના કારણે આરક્ષણથી મળતા વિવિધ યોજના ના લાભો લઈ શકતા નથી આથી આવા વિદ્યાર્થીઓ ને શૈક્ષણિક સુવિધાઓ અને કોચીંગ વર્ગો ધ્વારા તેઓ શૈક્ષણિક ગુણવત્તામાં વધારો કરવા તેમજ ઉચ્ચ કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ની સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે વિદ્યાર્થીઓનેખાસ તાલીમ આપી તૈયાર કરવાની ' અપ ગ્રેડેશન ઓફ મેરીટ ઓફ એસ.સી.સ્ટુડન્ટ્સ ' અંગેની યોજના ભારત સરકાર ધ્વારા અમલમાં છે. આ યોજના ભારત સરકારની ૧૦૦ ટકા સહાયથી ચાલે છે. જેનો અમલ ગુજરાત રાજયમાં કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. કાળજી પૂર્વકની વિચારણા ને અંતે ઉપર જણાવેલ અપ ગ્રેડેશન ઓફ મેરીટ ઓફ એસ.સી. સ્ટુડન્ટર્સ અંગેની કેન્દ્ર પુરસ્કૃત યોજનાનો અમલ ગુજરાત રાજયમાં કરવાનું સરકારશ્રીએ ઠરાવેલ છે.

૨. ઉકત યોજના નો અમલ નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગર હસ્તક ચાલતી આદર્શ નિવાસી શાળાઓ મારફત ભારત સરકારની યોજના ઓની શરતોને આધીન કરવાનો રહેશે.

૩. આ અંગે સને. ૨૦૦૩–૦૪ ના નાણાકીય વર્ષના અંદાજપત્રના સદર –૨૨૨૫ – અનુ.જાતિ જનજાતિ– અન્ય પછાતવર્ગનું કલ્યાણ – અનુ.જાતિ કલ્યાણ (સ્પે.કોમ્પોનન્ટ પ્લાન ) બીસીકે–૨ (બી) અપ ગ્રેડેશન ઓફ મેરીટ ઓફ એસ.સી. સ્ટુડન્ટર્સ ( નોન પ્લાન )હેઠળ થયેલ રૂા. ૫,૨૬,૫૦૦/– ( અંકે રૂપિયા પાંચ લાખ છવ્વીસ હજાર પાંચસો પૂરા ) ની વિભાગની નવી બાબત ને આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

૪.    સદરહું યોજના હેઠળ કેન્દ્રીય સહાયની મર્યાદામાં ખર્ચ કરવાનું રહેશે. સંપૂર્ણપણે કેન્દ્ર પુરસ્કૃત યોજના હોઈ રાજય સરકાર ધ્વારા આ માટે કોઈ રકમ ફાળવવામાં આવશે નહિ.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તાઃ- ૧૭/૧૧/૦૩ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી તથા તેમના નામે.**

**( કે. એલ. તબિયાર )**
**ઉપ સચિવ**
**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.**

**<u>નકલ રવાનાઃ-</u>**

માન.મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા ના અંગત સચિવશ્રી,સચિવાલય ગાંધીનગર.
નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ ખાતુ, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ / રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ / ગાંધીનગર.
સર્વે જિલ્લા તિજોરી અધિકારી.
સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી, અમદાવાદ.
નાણા સલાહકારશ્રી,સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.
સચિવાલયના સર્વે વિભાગો.
વિભાગની સર્વે શાખાઓ.
સિલેકટ ફાઈલ.